**આતાપિ તેના પ્રયાસોમાંથી સમુદાયને સંભવિત દરેક ક્ષેત્રોમાં મહત્તમ અંશે તેઓની પ્રવૃત્તિઓમાં તેઓના ઉત્પ્રેરક તરીકે તેઓને "સ્વ" થી "સમૂહ" થી "સમુદાય" સુધી લાંભાવિત કરવા તત્પર છે.**



સંગઠન બનાવવુ → સંગઠન મજબૂત કરવુ → નેતૃત્વ વિકસાવવું → સાતત્યલક્ષી/ ટકાઉ વિકાસ

## સમુદાય આધારિત સંસ્થાઓ (સી.બી.ઓ.)

**સામાજીક પરિવર્તનને સુગમતા પૂર્વક લાવવા માટેની ચાર મજબૂત સમુદાય આધારિત સંસ્થાઓ.**

| ઉજાસ મહિલા બચત અને ધિરાણ ગ્રાહક સ.મં.લી | વિવેકાનંદ ખેડૂત મંડળી | ૪ મહિલા દુધ સહકારી મંડળી | વિકલાંગ પરિવર્તન સંગઠન |
|---|---|---|---|
| મહિલા કો. ઓપરેટીવમાં ૨૫૦૦થી વધુ મહિલાઓ સભ્ય છે તથા બચત ભંડોળ રૂા.૧ કરોડ અને તેનું ટર્ન ઓવર રૂા. બે કરોડનું ધિરાણ છે. | ખેડૂત ઉત્પાદક મંડળી (એફ.પી.ઓ.) જેમાં ૪૫૦ થી વધુ ખેડૂતો સભ્ય છે. | ૪૦૦ થી વધુ મહિલાઓ સભ્ય છે. | તાલુકા લેવલ સંચાલિત વિકલાંગ વ્યક્તિઓના આ સંગઠનના ૧૨૦૦ થી વધુ સભ્યો છે. |

## સન્માન અને પુરસ્કારો

- વર્ષ ૨૦૧૭-૧૮ માં સ્ત્રી સશકિતકરણ ક્ષેત્રે એફ.જી.આઇ. દ્વારા "શ્રેષ્ઠતાનું સર્ટીફિકેટ" મેળવેલ છે.
- વર્ષ ૨૦૧૭-૧૮ માં ગુજરાત રાજ્ય સહકારી સંઘ તરફથી ઉજાસને બેસ્ટ મંડળીનો પુરસ્કાર મળેલ છે.
- વર્ષ ૨૦૧૭-૧૮ માં લીંબોળી કનેક્શન માટે જી.એન.એફ.સી. દ્વારા પ્રશંસક (એપ્રીસીએશન) સર્ટીફિકેટ અપાવેલ છે.
- વર્ષ ૨૦૧૬-૧૭ માં કંબોયા વગા મહિલા દુધ ઉત્પાદક મંડળીએ બેસ્ટ ડેરીનો એવોર્ડ મેળવેલ છે.

### કોર્પોરેટ ભાગીદારો

- ટી.એમ.એલ.ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ
- એક્સેલ ઇન્ડસ્ટ્રઝ લિમિટેડ
- ટ્રાન્સપેક ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ
- એગ્રોસેલ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ
- શ્રોફ ફેમીલી ચેરીટેબલ ટ્રસ્ટ
- પી.આઇ.ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ
- સુમીટોમો કેમીકલ્સ ઇન્ડીયા પ્રાઇવેટ લિમિટેડ (અગાઉ એકસેલ કેર લિમિટેડ તરીકે જાણીતી)
- બાર્બેક્યુ નેશન – સયાજી હોટલ
- કોસ્ટલ સેલીનીટી પ્રીવેન્શન સેલ
- પિરામલ ગ્લાસ પ્રા.લી.
- હિન્ડાલ્કો ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

### સહયોગીઓ

શૈશવ, ભાવનગર
સહજ, વડોદરા

### શૈક્ષણિક સંસ્થાઓ

- મહારાજા સયાજીરાવ યુનિવર્સીટી ઓફ બરોડા, વડોદરા
- એગ્રીકલચર કોલેજ – ભરૂચ
- ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
- જે.સી.કુમારપ્પા મહાવિદ્યાલય, ગઢડા
- લોકભારતી – સનોસારા સોશ્યલ વર્ક વિભાગ
- મહારાજા ક્રિષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સીટી, ભાવનગર
- એસ.પી.જૈન ઇન્ડસ્ટ્રીઝ ઓફ મેનેજમેન્ટ એન્ડ રીસર્ચ, મુંબઇ

### માળાખાકીય સંકલન

સજ્જતા સંઘ, જન સ્વાસ્થ્ય અભિયાન, કોન્સોર્ટિયમ ફોર ઇન્કલુઝિવ એજ્યુકેશન

આતાપિ સેવા ફાઉન્ડેશનનો કંપની એક્ટ (૨૦૧૩) ના સેક્શન-૮ અંતર્ગત "બિન નફાકારક કંપની" તરીકે સમાવેશ કરાયેલ છે.

AATAPI આતાપી


**ફિલ્ડ ઓફિસ**
લાલબંગલો, ગાંધી દરવાજો પો.ગજેરા, તાલુકો જંબુસર, જીલ્લો ભરૂચ, ગુજરાત-૩૯૧૮૧૦

**રજીસ્ટર્ડ ઓફિસ**
૬૦૧, "બી" ટાવર, અલકાપુરી ઓર્કિડ, આર.સી.દત્ત રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭, ગુજરાત,ભારત

+૯૧ ૦૨૬૪૪ ૨૩૩૧૭૧ aatapi09@gmail.com


FOLLOW US ON

AATAPI આતાપી



## સામુદાયિક સંસ્થાઓ સાથે ખંતપૂર્વક કામ કરનાર

આતાપિ સેવા ફાઉન્ડેશન એ સામાજીક સંસ્થા છે, જે સમુદાયના સર્વાંગી અને ટકાઉલક્ષી વિકાસ માટે પ્રયત્નશીલ છે. સ્થાનિક સમુદાયના જુથનું આયોજન કરીને ખાસ કરીને નાના/સીમાંત ખેડૂતો, સામાજીક, આર્થિક વંચિત મહિલાઓ તથા વિકલાંગ વ્યકિતઓના સામુદાયીક સંસ્થાઓને વિકસાવી તેઓને સાતત્યલક્ષી વિકાસ તરફ આગેકુચ કરાવવી.

### વિકાસના સ્તંભો

- જીવન નિર્વાહ
- સ્ત્રી સશકિતકરણ
- આરોગ્ય અને સુખાકારી
- શિક્ષણ
- સમાવેશ

## સ્વપ્ન

અમારું સ્વપ્ન સમાજના છેવાડાના/સીમાંત વ્યક્તિને ગૌરવવંતુ જીવન જીવવા માટે અપાતી દરેક ક્ષેત્રની તકોને સમાન રીતે પ્રાપ્ય કરાવી સમાવિષ્ટ, સક્ષમ અને તટસ્થ સમાજની રચના નિર્માણનું છે.

## ઉદ્દેશ્ય

સ્થાનિક સમુદાયો ખાસ કરીને સમાજના સીમાંત જૂથને તેઓમાં છુપાયેલી અવિકસિત પ્રતિભા/કૌશલ્યોથી વાકેફ કરાવી, તેને વિકસિત કરાવી તેઓને સમાવિષ્ટ અને ટકાઉલક્ષી વિકાસમાં સક્રિય ભાગીદાર બનવા સક્ષમ કરીને દોરવાનું છે.

## મૂલ્યો

સહસર્જન
સમુદાય સશક્તિકરણ
સમુદાય અધિપત્ય
હક્કો/અધિકારોથી વંચીત રહેલા સમાજના જુથો માટે ગૌરવંતુ જીવન
સાતત્યલક્ષી/ટકાઉવિકાસ,
જ્ઞાન સર્જન

**“ અમારા તમામ સમુદાયલક્ષી દરમ્યાનગીરીના કાર્યક્રમોનું આલેખન, સક્ષમતા - ઉત્પાદકતા - સમન્યાય - સાતત્યલક્ષી / ટકાઉના સિધ્ધાંતો ઉપર આધારીત હોય છે. ”**

## ભૌગોલીક અને સામુદાય વિસ્તારની પહોંચ/કાર્યવિસ્તાર




વર્ષ-૨૦૦૮-૦૯માં ફાઉન્ડેશને તેની પ્રવૃત્તિઓની શરુઆત ભરુચ જીલ્લાના ચારગામોથી કરી હતી.

હાલમાં પ્રવૃતિઓનો વ્યાપ ભરુચ જીલ્લાના જંબુસર અને અંકલેશ્વર તાલુકાઓના ૫૩ગામો સુધી વિસ્તરીત થયેલ છે. જેમા ૩૦૦૦થી વધુ સામાજીક-આર્થિક વંચીત મહિલાઓ તથા ૧૦૦૦થી વધુ વિકલાંગ વ્યક્તિઓ અને ૧૫૦૦થી વધુ કિશોર-કિશોરીઓ અને બાળકોને આવરી લેવાયા છે.

| જીલ્લો | જંબુસર તાલુકો | અંકલેશ્વર તાલુકો |
|---|---|---|
| ભરુચ | ૪૮ ગામો | ૫ ગામો |

**આતાપિનું માનવું છે કે સામાજીક બદલાવ લોકોને સક્ષમ બનાવવાથી શક્ય છે ભલે ત્વરીતપણે નહી પરંતુ નિશ્ચીત રુપે થાય છે.**

## સ્ત્રી સશક્તિકરણ

સ્ત્રી સશક્તિકરણ કાર્યક્રમો ભરુચ જીલ્લાના જંબુસર અને અંકલેશ્વર તાલુકાઓમાં અગ્રણ્ય છે જે અંતર્ગત ૧૪૦થી વધુ સ્વસહાય જુથો બનાવેલા છે. સામુદાયીક સંસ્થા - ઉજાસ ક્રેડીટ કો.ઓપરેટીવની સ્થાપના પણ કરવામાં આવેલી છે.જેમાં રૂપિયા એક કરોડથી વધુ બચત ભંડોળ તથા રૂપિયા બે કરોડથી વધુનું ટર્નઓવર છે.હાલના તબક્કે આ સામુદાયી સંસ્થાઓમાં નેતૃત્વ અને સમતાલક્ષી તાલીમોનું સંચાલન સહીયારી ભાગીદારીથી કરવામાં આવી રહ્યુ છે. ભરુચ જીલ્લા દૂધ સહકારી મંડળીના સમર્થન હેઠળ ચાર મહિલા દૂધ કો.ઓપરેટીવ અગાઉ જણાવ્યા મુજબ ચાલે છે.



## જીવન ધોરણ ઉંચું લાવવું

આતાપિ ૩૦૦૦ જેટલા નાના / સીમાંત મહિલાઓ સહિતના ખેડૂતોને ક્ષાર પ્રતિરોધક અને આબોહવા અનુરૂપ લક્ષી કૃષિ ખેતીની સ્માર્ટ પદ્ધતીઓ દ્વારા કૃષિ ખેતી કરવા પ્રોત્સાહિત કરી રહી છે.

એફ.પી.ઓ. : વિવેકાનનદ ખેડૂત મંડળી દ્વારા “વદાચ” માં સ્થાપેલ સેન્ટર તરફથી ખેડુતોને કૃષિ આધારીત તકનીકી જાણકારી તથા કૃષિ ઓજાર બેન્કમાંથી કૃષિ ઓજારો આપવામાં આવે છે.



## આરોગ્ય અને સુખાકારી



આરોગ્ય અને સુખાકારી અંતર્ગત ચાલતા કાર્યક્રમોમાં ક્વોલીટી સભર જનારોગ્ય ખાસ કરીને માતા-બાળ સ્વાસ્થ અને કિશોર કિશોરીઓના આરોગ્યના હક્કો પણ વધુ ભાર આપવામાં આવેલ છે. હાલમાં જંબુસરના ૯ ગામોમાં આરોગ્ય અને સુખાકારીના આ કાર્યક્રમો ચાલે છે. આ કાર્યક્રમ હેઠળ સામુદાયીક સંસ્થાઓને સ્પષ્ટ અને સક્રીય રીતે સમુદાયનું નિયંત્રણ / દેખરેખ કરવાની, આંગણવાડી સેવાઓમાં સહાયરૂપ બનવાની તથા આરોગ્ય સેવા માટે સબ સેન્ટર પ્રાથમીક આરોગ્ય કેન્દ્રના ઉપયોગ અર્થે સમુદાયને દોરવા માટે સામેલ કરવાનો છે.

## સંપૂર્ણ શિક્ષણ



આતાપિ દ્વારા સીમાંત જૂથના બાળકો/યુવાનોને અપાતા શિક્ષણમાં ફક્ત વાંચન, લેખનની કળા જ નહી પરંતુ તેઓમાં છુપાયેલા હુન્નરો / કૌશલ્યોથી તેઓને વાકેફ કરાવી, વિકસાવી, વિવિધ તકો પ્રાપ્ય કરાવી તેઓને સંભવિત રૂપે તમામ ક્ષેત્રે મહત્તમ અંશે સક્ષમ બનાવવા માટે આપવામાં આવે છે. અમે ૧૪ સંપૂર્ણ વિકાસનાં કેન્દ્રો ચલાવી છીએ.

સંપૂર્ણ શિક્ષણ હેઠળના વિવિધ કાર્યક્રમો જેવાં કે આર્ટસ અને ક્રાફ્ટસ, વાર્તા દ્વારા સમજ (સ્ટોરી ટેલીંગ), અન્વેષન (એક્સપોઝર) અને નેતૃત્વની તાલીમોમાં ૪૦૦ જેટલા બાળકોને આ શિક્ષણ કેન્દ્રોનો લાભ લઈ રહ્યા છે. હાલના ૪૫૦ જેટલા બાળકોની ૫ ગામોની ૧૫ બાળ ટુકડીઓ તૈયાર કરેલ છે. આ બાળ ટુકડીઓના માર્ગદર્શકો, બાળકો લોકશાહી પ્રક્રિયા દ્વારા તેઓના અધિકારો મેળવી શકે તે રીતે માર્ગદર્શન આપે છે.

## વિકલાંગો માટે સક્ષમ અને સમાવિષ્ટ સમાજ



આતાપિ દ્વારા ગ્રામ્ય કક્ષાએ વિકલાંગ વ્યક્તિઓના જૂથ બનાવવામાં આવ્યા છે. વિકલાંગ પરિવર્તન સંગઠન જંબુસરના ૪૮ ગામોના સભ્યોથી બનેલું સંગઠન છે, જે વિકલાંગ સભ્યોના હક્કો / અધિકારો માટે, વિકલાંગોમાં કૌશલ્ય વિકાસ અર્થે તથા તેઓને સમાજમાં સામેલ કરવા કામ કરી રહ્યુ છે. આ સંગઠનના વિકલાંગોના સુમેળભર્યા સહકારથી વંચિત જૂથના વિકલાંગો જેઓની સામાજીક અવગનના થતી હતી અને ઉપેક્ષા ભરી જીંદગી જીવતા હતા, તેમાં બદલાવ જોવા મળે છે, હવે એ જ વિકલાંગ વ્યક્તિઓ સમાજમાં સમ્માનભેર સામેલ થઈને પોતાનું આગવું સમુદાયના સમાજમાં ઉભું કરી રહ્યા છે.